H.C.Cris.Civil,P.P.13,14,Circular No.30 Edition 1903 Civil A 27g.

પ્રોસી. તરફની સાહેદી નંબર– ૧૪ ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે–

મારૂ નામ :– સોયબ

પિતા/પતિનુ નામ :– ઓસમાણ ઉમર સમા

ધંધો :– માલધારી

ઉમર (આશરે) વર્ષ :– ૨૬

રહેવાનુ ગામ:– મોટા(ખાવડા) તા. ભુજ જીલ્લો : કચ્છ

**સોગંદ આપ્યા.**

**<u>સરતપાસ વિ.એ.પી.પી.શ્રી પી.વી. વાણીયા</u>**

1. મારે સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. હું સનાવાલા સીધીકના બાંધા નામથી ઓળખાતા ખેતરમાં ચોકી કરતો હતો ત્યારે તા.૨૪–૫–૨૦૨૩ ના ખેતરની આર.સી. સી . બાઉન્ડ્રી પર બેઠો હતો. બપોરના એક દોઢ વાગ્યાના વચ્ચે ગાળોનો અવાજ સાંભળેલો અને હું દોડીને સોયબના આંગણામાં ગાંડો બાવળ હતો ત્યાં ગયેલો અને ત્યાં તેને જોયુ તો સોયબને મારતા હતા. અસલમે સોયબને પકડેલ હતો અને અલ્તાફ છરીથી મારતો હતો. સોયબને ડાબી સાઈડે એટલે પોતાના પેટના ઉપરના ભાગે ઈશારો કરીને સાહેદ જગ્યા બતાવે છે. તે સોયબ લોહી લુહાણ થઈ ગયેલ હતો. આ લોકો ત્યારબાદ હોન્ડા ઉપર બેસી ભાગી ગયેલા. અસલમ હોન્ડા ચલાવતો હતો અને અલ્તાફ પાછળ બેસેલ હતો. સોયબને તેના ઘરની ઓસરી પર લઈ ગયેલા. ત્યાં અલાના જાકબ, સાધક હારુન, મોલાના અબુબખર, જભાર અલાના અને સોયબના દાદા , પપ્પા અને હકીમાબેન પણ ત્યાં હતા. સાધક મુસ્તાકનું છકડો લઈને આવેલો અને સોયબને સારવાર માટે ખાવડા સરકારી હોસ્પીટલ લઈ ગયેલા. ત્યાં

**સાહેદની સહી**

રીક્ષામાં સોયબને સાધક હારુન, હકીમાબાઈ, જભાર અલાના અને અલાના જાકબ સારવાર માટે લઈ ગયેલા.

2. આ બનાવનું કારણ એ હતુ કે સોયબના દાદા હુસેનભાઈનો મોબાઈલ ગુમ થઈ ગયેલ હતો જે મોબાઈલમાં સોયબની રીંગ કરવા માટે તેના દાદાએ જણાવેલુ અને જે મોબાઈલમાં રીંગ કરતા અસલમ અને અલ્તાફની બેન રસીલાએ ઉપાડયો અને તેમાં અસલમ અને અલ્તાફ મોબાઈલ નંબર જોઈ ગયેલા જેથી આ બાબતનો શક રાખી હાલનું આ બનાવ બનેલો. પોલીસે મારી પુછપરછ કરેલી. આ કામના આરોપીઓ નામ.કોર્ટમાં હાજર છે જેમને સાહેદ ઓળખી બતાવે છે.

3. મને છરી બતાવવામાં આવે તો હું જોયેથી ઓળખી શકુ. બનાવ વખતે અલ્તાફના હાથમાં છરી હતી મને મુદામાલ આર્ટીકલ નં.૧૧ વાળી છરી બતાવવામાં આવે છે તે તે જ છે.

**સરતપાસ પૂરી.**

**<u>ઉલટ તપાસ :- આરોપીઓ તરફે વિ.વ.શ્રી ડી.વી.ગઢવી.</u>**

4. મે અમારા ગામની ખારી વાવ જોયેલ છે. એ વાત ખરી છે કે મરનારના ઘર તરફ ખારી વાવ તરફ જઈએ તો પહેલા અલાના જાકબ મતારા ના ઘર આવે છે. એ વાત ખરી છે કે તે પોતાના પરીવાર સાથે ત્યાં રહે છે. હું અમારા ગામના અલી હાજી કાસમ સમાને ઓળખતો નથી. તેનું મકાન પણ મે જોયેલ નથી.હું અબ્દુલ ઓસમાણ સમાને ઓળખતો નથી તેનો કોઈ ઘર મે જોયેલ નથી. મે ગામમાં આંગણવાડી પણ જોયેલ નથી. ખારી તળાવની અંદર આવેલ છે કે કેમ તે મે જોયેલ નથી. એ વાત ખરી છે કે હું બનાવવાળી જગ્યાએ હોવુ ત્યારે મરનારની મા નામે હકીમાબાઈ ખારી વાવ તરફ આવતા હોય તે મે જોયેલ

છે. ખારી વાવ બનાવવાળી જગ્યાએથી કેટલા મીટરના અંતરે આવેલી છે તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે મરનારના ઘરની આજુબાજુ ઘણા બધા રહેણાંકના મકાનો આવેલા છે તે મે જોયેલ છે.

5. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની બાજુમાં જુણસ ઈબ્રાહીમ સમા પોતાના પરીવાર સાથે રહે છે તેમના ધર્મપત્ની તેની સાથે રહે છે કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે હકીમાબાઈના સાસુ સસરા પણ તેમની સાથે જ રહે છે. જુણસભાઈનું બનાવવાળી જગ્યાએ મકાન કામ ચાલતુ હોવાનું મે જોયેલ નથી ત્યાં બનાવ વખતે મકાનના કામ ઉપર કામ કરતા હોય તેવુ પણ મે જોયેલ નથી. એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યાએથી હું સો મીટરના અંતરે આવેલ હતો.

6. એક મીટરના ફુટ અંદાજે ત્રણ મીટર જેવા થાય છે. હવે હું કહુ છુ કે સવા બે ફુટ થાય છે. એ વાત ખરી નથી કે હું ત્યાં ખેતરમાં હતો. એ વાત ખરી છે કે હું ત્યારે ખેતર ઉપર ચોકી કરતો હતો. એ વાત ખરી નથી કે ખેતર ઉપર હુ હાજર હોવુ ત્યાંથી બનાવવાળી જગ્યાએ શું બનાવ બનેલ છે તે જોઈ શકાય નહી. એ વાત ખરી છે કે મે જયા હું હાજર હતો બનાવ વખતે ત્યાં મે અવાજ સાંભળ ેલ. સાહેદ જણાવે છે કે ત્યાં મારી નજર પણ પડેલ. એ વાત ખરી નથી કે જયા હું બેઠો હતો ત્યાં બનાવ મે નજર થી જોયેલ છે તેવી વિગત લખાવેલ નથી.

7. મને બનાવના દિવસે પોલીસ મળેલ નથી. તેમજ હું પણ બનાવના દિવસ ે પોલીસને મળવા ગયેલ ન હતો. એ વાત ખરી છે કે બનાવના દિવસે આ બનાવની જાણ કરતો મે ખાવડા પોલીસને ફોન કરેલ છે. હું જે પોલીસવાળાને જાણ કરેલી તેના નામ કહી શકતો નથી કે તેના ટેલીફોન પણ આવી શકતો નથી. બનાવના દિવસે પોલીસવાળા સાથે મારી વાતચીત

---
**સાહેદની સહી**

થયેલી. બનાવ સંબંધેની વાત મે મારા ફોન પરથી ચાર પાંચ વાગે કરેલી. જે વાત આશરે બે થી ત્રણ મીનીટ ચાલેલી.

8. તા.૨૫–૫–૨૦૨૩ ના રોજ આ બનાવ બારામાં હું પોલીસને મળેલ નથી કે પોલીસને કોઈ વાત પણ તા.૨૫–૫–૨૦૨૩ ના રોજ કોઈ વાત કરેલી નથી. તે જ રીતે આ બનાવ બારામાં જાણ કરવા માટે ખાવડા જઈ જાણ કરવા કોઈ પ્ર યાસ કરેલ નથી.

9. એ વાત ખરી છે કે મારો પહેલો જવાબ પોલીસે તા.૨૪–૫–૨૦૨૩ ના લીધેલ. એ વાત ખરી છે કે તા.૨૪–૫–૨૦૨૩ ના જવાબમાં મે પોલીસને નામ આપેલ નથી. મે સૌપ્રથમ નામ ૨૬–૫–૨૦૨૩ વાળા જવાબમાં આપેલ છે.

10. એ વાત ખરી છે કે બનાવ બાદ પોલીસે મને કયારે પણ મુદામાલ વાળી છરી બતાવેલ નથી તેમજ છરીની ઓળખ નકકી થાય તેનુ મારી હાજરીમાં કોઈ પંચનામું કરેલ નથી. મને ખબર નથી કે મારા જવાબમાં છરીના વિગત વર્ણન કોઈ લખાવેલ નથી. એ વાત ખરી નથી કે આજરોજ ખોટી રીતે આ છરી ગુનામામં વપરાયેલ હોવાનું ઓળખી બતાવેલ છે. એ વાત ખરી છે કે મારી પાસ ે બનાવના દિવસે દસેક ભેંસો આવેલ. એ વાત ખરી નથી કે બનાવના દિવસે હું ભેંસો ચરાવવા સીમમાં ગયેલ હોવુ અને સાંજે મને બનાવની પહેલી વહેલી ખબર પડેલી.

11. એ વાત ખરી છે કે સીધીક હારુન ગફુર સમાને હું ઓળખુ છુ. એ વાત ખરી નથી કે મરણજનારની ઘરની બાજુમાં આ સીધીક ભાઈનો કોઈ ઘર આવેલ નથી. હું અમીન કાસમ અજા સમાને ઓળખતો નથી તેમજ આ માણસ અમારા ગામનો છે કે કેમ તેની મને ખબર નથી. તે જ રીતે કયુમ હારુન અજા સમાને પણ હું ઓળખતો નથી.

---
સાહેદની સહી

12. મારો જવાબ તા.૨૬–૫–૨૦૨૩ ના રોજ ખાવડા પો.સ્ટે.માં લીધેલો. મને ખાવડા પો.સ્ટે.માં આવવા માટે પોલીસવાળાએ ફોનથી મારા ફોન પર જાણ કરેલી અને મને તમારા લખાણની જરુર છે અને તમે ખાવડા પો.સ્ટે. આવી જાવ અને હું ખાવડા પો.સ્ટે.મા ગયેલો અને મારુ લખાણ પોલીસે લખી લીધેલુ.

13. એ વાત ખરી નથી કે મે બનાવ નજરે જોયેલ નથી મારી હાજરીમાં આરોપીઓ ધ્વારા મરણજનાર પર છરી વડે કોઈ હુમલો કરવામાં આવેલ નથી કે કોઈ પણ આરોપી ધ્વારા મરણજનારને પકડવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે આર્ટીકલ નં.૧૧ વાળી છરી આ બનાવમાં વપરાયેલ જ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી અને અમીનભાઈના કહેવાથી હું સોગંદ પર ખોટી જુબાની આરોપીઓ વિરુધ્ધ આપુ છુ.

**ઉ. ત. પુરી.**
**ફેરતપાસ નથી.**

ભુજ–કચ્છ.
તારીખ : ૦૭/૦૩/૨૦૨૫

**સાહેદ, એ.પી.પી.શ્રી, બચાવપક્ષના વિ.વ.શ્રી મોનીટર ઉપર જુબાની વાંચી શકે છે. તેથી તેઓની એપ્રુવ કરેલ જુબાનીની પ્રિન્ટ કરી કેસમાં મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા મુજબની તેની સહી લેવામાં આવેલ છે.**

મારી રૂબરૂ

આઠમા અધિક સેશન્સ જજ

ભુજ–કચ્છ.

---

**સાહેદની સહી**